બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ

સંચાલિત

# આર.આર.મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ.પરીખ કોલેજ ઓફ કોમર્સ,, પાલનપુર

જી.ડી. મોદી વિદ્યા સંકુલ, એસ.ટી. વર્કશોપની સામે, હાઇવે, પાલનપુર.- ૩૮૫૦૦૧, જિ.: બનાસકાંઠા.

## જુનિયર ક્લાર્ક બિનઅનામત વર્ગ-૩ ની MCQ આધારિત પ્રાથમિક પરીક્ષા તબક્કો-1

## ઉમેદવારો માટે અગત્યની સુચના

## પરીક્ષા તા: 29/03/2026 સમય: સવારે 10-00 થી 11-00

(1) પરીક્ષા માટે ઉમેદવારે સ્વખર્ચે આવવાનું રહેશે. જાહેરાત અન્વયે ઉમેદવાર તમામ જરૂરી લાયકાત અને શરતો સંતોષે છે તેમ માનીને શરતી પ્રવેશ આપવામાં આવશે.

(2) જો આપ જાહેરાતમાં દર્શાવ્યા મુજબની લાયકાત અને શરતો પરિપૂર્ણ કરતાં ન હોય તો આ સૂચના અન્વયે આપને આ પરીક્ષામાં નહિ બેસવા માટે સલાહ આપવામાં આવે છે.

(3) નિર્ધારિત પરીક્ષા સમય કરતા 01-કલાક અગાઉ આપે નિયત પરીક્ષા કેંદ્ર ખાતે હાજર રહી નિયત પત્રકમાં સહી કરવાની રહેશે.

(4) આ જગ્યાની ભરતી માટે ગુજરાત સરકારશ્રીના ધારા-ધોરણ મુજબ તેમજ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના પત્ર ક્રમાંક: કવટ / isc3/વર્ગ/3-NOC/૨૪૮૯૭૯૯-, તા.૧૯૨૦૨૫/૧૧/ ની શરતોને આધિન રહેશે.

(5) પરીક્ષા શરૂ થયા પછી થી પ્રવેશ મળી શકશે નહિ.

(6) ઉમેદવારે કોલેજ કેમ્પસમાં પ્રવેશ મેળવવા માટે પોતાનો પ્રવેશપત્ર અને હાજરી પત્રક (નિયત જગ્યાએ પોતાનો તાજેતરનો ફોટો લગાવવો) સાથે લાવવું ફરજિયાત છે, અન્યથા આ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહિ.

(7) પરીક્ષા સ્થળ સંચાલકશ્રી દ્વારા પરીક્ષા સંદર્ભે સૂચનાઓ આપવામાં આવે તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(8) ખંડ નિરીક્ષકશ્રી દ્વારા પ્રશ્નપત્ર ઉત્તરપત્રની વિગતો ભરવા માટેની સુચનાઓ આપવામાં આવે તે ધ્યાને લઈ માહિતી ભરવાની રહેશે.

(9) પરીક્ષામાં હાજરી આપતી વખતે ઓળખ માટે ઇલેક્શન કાર્ડ, ડ્રાઇવિંગ લાયસન્સ, પાનકાર્ડ અથવા આધારકાર્ડ પૈકી કોઈપણ એક સરકાર માન્ય ઓળખપત્રની ઓરિજનલ તથા ઝેરોક્ષ નકલ સાથે રાખવાની રહેશે.

(10) ઉમેદવાર વાદળી/કાળી બોલ પેનથી OMR શીટમાં ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ ઉપયોગ OMR શીટમાં કરી શકાશે નહીં તથા સફેદ શાહી, બ્લેડ કે રબરથી કે અન્ય કોઈપણ રીતે કરેલ સુધારા માન્ય ગણાશે નહી. OMR બદલીને બીજી આપવામાં આવશે નહિ, જેથી OMR વળે નહિ, કરચલીઓ પડે નહિ કે ફાટી ન જાય તેની કાળજી લેવી.

(11) આપેલ પ્રશ્નપત્રમાં કુલ 100 પ્રશ્નો છે. (પ્રશ્ન દીઠ 1 ગુણ રહેશે) જેનો ઉત્તરપત્ર (OMR SHEET) માં જવાબ લખવાનો સમય 60 મિનિટનો રહેશે.

(12) પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A,B,C,D,E પૈકી કોઈ એક છે.

(13) દરેક પ્રશ્નના જવાબોમાં એક વિકલ્પ "E" "Not Attempted" રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નનો જવાબ આપવા ના ઇચ્છતા હોય તો આ વિકલ્પ પંસદ કરી શકાશે અને "Not Attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહી.

(14) ઉમેદવાર એ બધા જ પ્રશ્નોનાં ઉત્તર આપવા ફરજિયાત છે.

(15) પ્રત્યેક સાચા જવાબ દીઠ 1 (એક) ગુણ મળવાપાત્ર થશે. મંડળ દ્વારા ગુણાંકન પદ્ધતિમાં માઇનસ પદ્ધતિ દાખલ કરવામાં આવી છે.

- જે મુજબ પ્રત્યેક ખોટા જવાબ દીઠ ખાલી છોડેલ જવાબદીઠ, છેકછાક કરેલ હોય કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબદીઠ 0.25 ગુણ કાપવામાં આવશે. જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય અને વિકલ્પ(E) ઘાટું કરશે તો 0.25 ગુણ કાપવામાં આવશે નહીં.
- જવાબચાવી (Answer Key) ફાઇનલ કરતી વખતે જો કોલેજ દ્વારા એક પ્રશ્નના એકથી વધુ વિકલ્પો સાચા છે તેમ જાહેર કરવામાં આવે તો સાચા વિકલ્પ પૈકી કોઈપણ જવાબ માટે એક (1) ગુણ મળવાપાત્ર થશે.

આચાર્ય

આર. આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ

સી. એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ

પાલનપુર - ૩૮૫૦૦૧

(16) આ લેખિત પરીક્ષાનું માળખુ અને અભ્યાસક્રમ "ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર" ના પ્રસ્થાપિત નિયમો મુજબ રહેશે.

(17) પરીક્ષા દરમિયાન ઉમેદવાર પાસેથી કોઈપણ સાહિત્ય, કાપલી, મોબાઇલફોન, પેજર, કેલ્ક્યુલેટર, બ્લુટૂથ,સ્માર્ટવોચ કે અન્ય વિજાણું ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે તેમજ આવી વસ્તુઓ જપ્ત કરવામાં આવશે.

(18) પરીક્ષા દરમિયાન ઉમેદવાર અંદરોઅંદર વાતચીત, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લઘન કરવું કે અન્ય કોઈ ગેરરીતી કરવી તે ગેરશિસ્ત ગણાશે તેમજ ઉમેદવારને સંપૂર્ણ ગેરલાયક ઠેરવવામાં આવશે.

(19) પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમિયાન ઉમેદવારે પરીક્ષાખંડ છોડવાની સખ્ત મનાઈ છે.

(20) સંસ્થા દ્વારા થઈ રહેલ આ ભરતી પ્રક્રિયામાં આપ કે આપના વતી અન્ય ત્રાહિત વ્યકિત દ્વારા મંડળ/સંસ્થા ઉપર અથવા મંડળ/સંસ્થાના અધિકારીશ્રીઓ/ કર્મચારીઓ ઉપર કોઈપણ જાતની ભલામણ, લાગવગ કે દબાણ લાવવાનો પ્રયાસ કરશે તો તેવા ઉમેદવારને મંડળ/સંસ્થા દ્વારા ગેરલાયક ઠરાવીને શિક્ષાત્મક કાર્યવાહી કરાશે.

(21) ઉમેદવારોને લાંચ રૂશ્વત/ લાલચ કે છેતરપિંડી આચરે તેવા અસામાજિક તત્વોથી દુર રહેવા સાવધાન કરવામાં આવે છે.

(22) ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ તેમજ તા.૧૮/૦૩/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦/૨૦૦૭/૧૨૦૩૨૦/ગ.૫ થી નક્કી કરેલા અભ્યાસ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈ પણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર / માર્કશીટ ધરાવતા હોવા જોઈએ અથવા સરકાર માન્ય યુનિવર્સીટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈ પણ ડિપ્લોમા/ ડીગ્રી કે સર્ટીફીકેટ કોર્સ કરેલા હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલી હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ. જો કે, આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ નિમણુંક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણુંક મેળવતા પહેલા અચૂક રજૂ કરવાનું રહેશે, અન્યથા નિમણુંક મેળવવાને પાત્ર થશે નહિ, તેમજ નિમણુંક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારની પસંદગી "રદ" કરશે.

(23) ઉમેદવારે પરીક્ષાની શરૂઆતમાં હાજરીપત્રકનું અડધિયું તેમજ પરીક્ષા પૂર્ણ થયેથી ઉત્તરપત્ર (OMR Sheet), પરિક્ષાખંડના નિરીક્ષકશ્રીએ પરત સોપ્યા બાદ જ પરીક્ષાખંડ છોડવાનો રહેશે. તેમ ન કરનાર ઉમેદવારને પરિક્ષામાં ગેરલાયક ઠરાવવામાં આવશે અને આ ઉમેદવાર સામે કાયદેસરની કાર્યવાહી મંડળ/સંસ્થા દ્વારા કરવામાં આવશે. પરીક્ષા પૂર્ણ થયેથી ઉમેદવાર પ્રવેશપત્રનો ઉપરનો અડધો ભાગ પોતાની પાસે રાખી શકશે.

(24) આ પરીક્ષાના પ્રશ્નપત્રની પ્રોવિઝનલ આન્સર-કી પરીક્ષાની તારીખ બાદ કોલેજની વેબસાઈટ https://www.rrmcsclpcc.ac.in પર મૂકવામાં આવશે. જે આપે જોઈ લેવાની રહેશે.

(25) સમગ્ર ભરતી પ્રક્રિયા પૂરી ન થાય ત્યાં સુધી વચગાળાના તબક્કે ગુણ, પરિણામ કે રીચેકિંગની અરજી કે લેખિત પરિક્ષા સંબધિત અન્ય કોઈપણ બાબતને ખાનગી પ્રકારની ગણવાની હોવાથી તેવી માહિતી મેળવવા માટેની કોઈ પણ અરજી/રજૂઆત વિચારણામાં લેવામાં આવશે નહી.

(26) કોલલેટરમાંની સૂચનાઓ ઉપરાંત વેબસાઈટ https://www.rrmcsclpcc.ac.in પરની વખતો વખતની સૂચનાઓ પણ અચૂકપણે વાંચવી.

(27) ઉમેદવાર રફ કામ માટે પ્રશ્નપુસ્તિકામાં કરવાનું હોવાથી અલગ રફશીટ આપવામાં આવશે નહીં. તેમજ ઉમેદવાર પોતે પણ રફકામ માટે અલગથી કાગળ લાવી શકશે નહીં.

(28) ભાગ-1ની પ્રાથમિક પરીક્ષામાં ઉતીર્ણ થનાર પ્રથમ 07 (સાત) ઉમેદવારો માટે "ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર" ના પ્રસ્થાપિત નિયમો મુજબ મુખ્ય પરીક્ષા 200 ગુણની Objective પ્રકારની લેવામાં આવશે, જેની જાણ પછીથી કરવામાં આવશે.

આચાર્ય
આર. આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ અને
સી. એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ,
પાલનપુર - ૩૮૫૦૦૧